પ્રધાનમંત્રી આવાસ યોજના–
હાઉસીંગ ફોર ઓલ-૨૦૨૨ ને અનુરૂપ
મુખ્ય મંત્રી આવાસ યોજનાના ઘટક
અંતર્ગત લાભાર્થી દ્વારા વ્યક્તિગત
આવાસ માટે બાંધકામ અથવા વૃધ્ધિ
(Beneficiary-led individual house
construction/Enhancement) ના
અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

ઠરાવ ક્રમાંક: એએચએમ/૧૦૨૦૧૫/૪૫૩/થ-૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૧૧ /૦૪/૨૦૧૭

11 APR 2017

વંચાણે લીધા:

૧. ભારત સરકારશ્રી દ્વારા તા.૨૫/૦૬/૨૦૧૫ થી બહાર પાડવામાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજનાની માર્ગદર્શિકા

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ નો ઠરાવ ક્રમાંક: એ.એચ.એમ/૧૦૨૦૧૫/૪૫૩/થ-૧ તા.૧૫/૦૨/૨૦૧૬

આમુખ:

નાગરિકોને શહેરી વિસ્તારોમાં સુવિધાયુક્ત પાકા આવાસો પરવડી શકે તેવી કિંમતે મળી રહે તથા શહેરી વિસ્તારો ઝુંપડપટ્ટી મુકત બને તેવા ઉદ્દેશ સાથે મુખ્યમંત્રી ગૃહ યોજના તથા પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

લાભાર્થીઓ દ્વારા વ્યક્તિગત આવાસ માટે નવું બાંધકામ અથવા હયાત બાંધકામમાં વધારો (વૃધ્ધિ) કરવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના સાથે મુખ્યમંત્રી આવાસ યોજનામાં સબસીડીના જુદા જુદા ઘટકો ઉપર્યુકત વંચાણે લીધેલમાં દર્શાવેલ ક્રમાંક-૨ પરના તા.૧૫/૦૨/૨૦૧૬ ના ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલ છે. સબસીડીના ઘટકના

અસરકારક અમલીકરણ માટે સ્પષ્ટ સુચનાઓ બહાર પાડવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણા બાદ સબસીડીના ઘટકના અમલીકરણ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવે છે :-

**ઠરાવ :-**

❖ **પ્રધાનમંત્રી આવાસ યોજનાના ઘટકનું નામ :-**

લાભાર્થીઓ દ્વારા વ્યક્તિગત આવાસ માટે નવું બાંધકામ અથવા હયાત બાંધકામમાં વધારો (વૃધ્ધિ) કરવા માટે સબસીડી (Subsidy for Beneficiary-led individual house construction/enhancement)

**(૧) યોજનાના ઘટકનો હેતુ:**

આવાસ માટે પોતાની જમીન ધરાવતાં આર્થિક રીતે નબળા વર્ગના વ્યક્તિઓ તે જમીન પર મકાનનું બાંધકામ કરવા અથવા હયાત બાંધકામમાં વધારો કરવાના હેતુસર બાંધકામ સહાય આપવી.

**(૨) યોજનાનો વ્યાપ:**

૨.૧ ગુજરાત રાજયના તમામ નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તાર અને તમામ શહેરી/વિસ્તાર વિકાસ સત્તા મંડળ (UDA/ADA) વિસ્તાર માટે આ યોજના લાગુ પડશે.

૨.૨ આ યોજના હેઠળ લાભાર્થી પોતાની માલિકીની ખુલ્લી જમીન પર ૩૦.૦૦ ચો.મી. કારપેટ એરીયા સુધીનું નવું પાકું મકાન બાંધી શકશે.

૨.૩ લાભાર્થી પોતાની માલિકીની જમીન ઉપરના હયાત આવાસમાં વધારો (વૃધ્ધિ) કરવા માટે ગ્રાઉન્ડ ફ્લોર અથવા પ્રથમ માળ ઉપર ૩૦.૦૦ ચો.મી કાર્પેટ એરીયા સુધીનું બાંધકામ કરી શકશે.

૨.૪ લાભાર્થી પોતાની માલિકીની જમીન ઉપરના કાચા/અર્ધપાકા જર્જરીત મકાનને ઉતારી ૩૦.૦૦ ચો.મી. કાર્પેટ એરીયા સુધીનું નવું પાકુ મકાન બાંધી શકશે.

૨.૫ કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ ૩૦.૦૦ ચો.મી કારપેટ એરીયા સુધીના મકાન બાંધકામ માટે લાભાર્થીને સહાય મળવાપાત્ર થશે. પરંતુ જો લાભાર્થી પાસે વધારે જમીન ઉપલબ્ધ હોય અને ૩૦.૦૦ ચો.મી કરતાં વધારાના કારપેટ એરીયાનું બાંધકામ કરવા તેઓ ઇચ્છુક હોય તેવા કિસ્સામાં ૩૦.૦૦ ચો.મી

સુધીના કાર્પેટ એરીયાનું બાંધકામ પૂર્ણ કરી કમ્પલીશન સર્ટીફિકેટ (સી.સી.) મેળવ્યા પછી ૩૦ ચો.મી. ઉપરાંતનું સદર વધારાનું બાંધકામ તેઓ સ્વખર્ચે કરી શકશે.

(૩) મળવા પાત્ર લાભ:

| ઘટક | કેન્દ્ર સહાય | રાજ્ય સહાય |
|---|---|---|
| નવા બાંધકામ માટે | રૂ. ૧.૫૦ લાખ | રૂ. ૨.૦૦ લાખ |
| આવાસની વૃધ્ધિ માટે | રૂ. ૧.૫૦ લાખ | કુલ ખર્ચ માંથી કેન્દ્ર સરકારની સહાય બાદ બાકીની રકમના ૫૦% અથવા રૂ. ૧.૫૦ લાખ બે માંથી જે રકમ ઓછી હોય તે. |

લાભાર્થીને ઉપરોક્ત મળવા પાત્ર સહાય કુલ ૬ તબક્કામાં ફાળવવામાં આવશે.

(૪) લાભાર્થીની પાત્રતા:

૪.૧ અરજદારના કુટુંબનો કોઇપણ સભ્ય ભારતભરમાં પાંકુ મકાન ધરાવતા ન હોવા જોઇએ. આ યોજનાના હેતુસર કુટુંબમાં પતિ-પત્ની અને અપરણીત બાળકોનો સમાવેશ થાય છે.

૪.૨ અરજદાર આર્થિક રીતે નબળા વર્ગમાં (કૌટુંબિક વાર્ષિક આવક રૂ.૩,૦૦,૦૦૦/- સુધી) હોવા જોઈએ.

૪.૩ મકાન બનાવવા ઇચ્છતા હોય તે જમીન અરજદારના માલીકીની હોવી જોઇએ.

૪.૪ અરજદારે અગાઉ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળના અન્ય કોઈપણ ઘટક હેઠળ અથવા ભારત સરકારની બીજી કોઇપણ આવાસ યોજના નો લાભ લીધેલ ન હોવો જોઇએ.

(૫) અરજદારે રજુ કરવાના થતા ફરજીયાત દસ્તાવેજો:

૫.૧ જમીન માલીકીના પુરાવા

૫.૨ અરજદારના કુટુંબનો વાર્ષિક આવકનો મામલતદારનો દાખલો

૫.૩ અરજદારના કુટુંબના કોઇપણ સભ્ય ભારતભરમાં પાકું મકાન ધરાવતા ન હોવા અંગેનું તેમજ અન્ય આવાસ યોજનામાં લાભ મેળવેલ ના હોવાનું રૂ. ૨૦/- ના સ્ટેમ્પ પેપર પર નમુના પત્રક-અ મુજબનું સોગંદનામું

૫.૪ અરજદારના આધાર કાર્ડની નકલ

૫.૫ અરજદારના બેંક ખાતાની પાસબુક/બેન્ક સ્ટેટમેન્ટ/રદ ચેક ની નકલ

(૬) અમલીકરણ માટેની કાર્યપધ્ધતિ:

૬.૧ નગરપાલિકા, મહાનગરપાલિકા, શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ (UDA /ADA) આ ઘટક માટેની અમલીકરણ એજન્સી રહેશે.

૬.૨ સંબંધિત અમલીકરણ સંસ્થા દ્વારા વોર્ડવાર નોડલ ઓફિસરની નિમણુંક કરવાની રહેશે.

૬.3 બહોળા પ્રચાર-પ્રસાર (IEC) માધ્યમથી અમલીકરણ કરનાર સંસ્થાઓએ અરજદારો પાસેથી પત્રક-બ મુજબના નિયત નમૂનામાં અરજીઓ મંગાવવાની રહેશે. જે માટે અમલીકરણ કરનાર સંસ્થા દ્વારા નિયત નમૂનાના અરજીપત્રકો વિના મુલ્યે પૂરા પાડવાના રહેશે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની વેબસાઇટ *www.udd.gujarat.gov.in* અને એફોર્ડેબલ હાઉસીંગ મિશનની વેબસાઈટ *www.ahmgujarat.org* પર ઉપલબ્ધ કોરા અરજીપત્રકને પણ ડાઉનલોડ કરી ઉપયોગ કરી શકાશે.

૬.૪ યોજના અમલીકરણની કામગીરી સુનિશ્ચિત રીતે થાય તે માટે એફોર્ડેબલ હાઉસીંગ મિશન (એ.એચ.એમ) દ્વારા દરેક અમલીકરણ કરનાર સંસ્થાને એમ્પેનલ્ડ (empanelled) કન્સલ્ટન્ટ ફાળવી આપવાના રહેશે. સંબંધિત વોર્ડના નોડલ અધિકારી સાથે કન્સલ્ટન્ટે નીચે મુજબની કામગીરી કરવાની રહેશેઃ-

- અગાઉ કરવામાં આવેલ ડીમાન્ડ સર્વે મુજબ અને નવી મંગાવવામાં આવેલ અરજીઓ મુજબ અરજદારોનો વ્યકિગત સંપર્ક કરી દસ્તાવેજોની ચકાસણી કરી, પ્રસ્તાવિત બાંધકામ સાઇટની મુલાકાત લઇ તે બાબતનો ફોટોગ્રાફ સાથેનો અહેવાલ તૈયાર કરવાનો રહેશે.
- પાત્ર અરજદારોની PMAY વેબ પોર્ટલ ઉપર ડેટા એન્ટ્રી કરી તેઓના ડીટેલ્ડ પ્રોજેકટ રીપોર્ટ (DPR) રાજય કક્ષાએ મંજૂરી માટે મોકલી આપવાનો રહેશે.
- પ્રોજેકટ મંજૂર થયા પછી લાભાર્થી-અમલીકરણ કરનાર સંસ્થાના નોડલ અધિકારી અને એફોર્ડેબલ હાઉસીંગ મિશનના કન્સલ્ટન્ટ વચ્ચે અમલીકરણ

અંગેના નિયમો-શરતોનો ત્રિપક્ષીય કરાર કરી, DPR મુજબ બાંધકામ શરૂ કરવા લાભાર્થીને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવાનું રહશે.

- તબક્કાવાર બાંધકામ પ્રગતિ અને ગુણવતાની દેખરેખ કરી તે અંગેનું GEO-Tagging સાથેનું ઓનલાઈન રીપોર્ટીંગ વેબ પોર્ટલ પર કરવાનું રહેશે, તથા બાંધકામ અંગે લાભાર્થીને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવાનું રહેશે.
- બાંધકામનો નિયત તબક્કો પાર કર્યા પછી મળવાપાત્ર લાભ સહાયનો હપ્તો લાભાર્થીના બેન્ક એકાઉન્ટમાં ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) પધ્ધતિથી છૂટો કરવા માટે અમલીકરણ સંસ્થાને ભલામણ કરવાની રહેશે.
- ૯ (નવ) માસમાં બાંધકામ પૂર્ણ કરાવ્યા બાદ અમલીકરણ કરનાર સંસ્થાનું કમ્પલીશન સર્ટીફિકેટ (C.C) મેળવી, લાભાર્થી બાંધકામની કુટુંબ મહિલાના નામે અથવા પતિ-પત્ની ના સંયુક્ત નામે નોંધણી નગરપાલિકા/ મહાનગરપાલિકાના પ્રોપર્ટી ઉતારામાં કરાવી, PMAY પોર્ટલ પર ડેટા એન્ટ્રી સાથે તમામ વિગતો પૂર્ણ કરવાની રહેશે.

(૭) લાભ સહાયના હપ્તાઃ

તબક્કાવાર થયેલ કામગીરી માટે લાભાર્થીને આપવાની થતી સહાય તેઓના બેંક એકાઉન્ટમાં ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) પધ્ધતિથી કરવામાં આવશે. લાભ સહાયના હપ્તા તેમજ તે માટે પુરા કરવાના આવશ્યક તબકકાની વિગતો નીચે મુજબ છે :-

**૭.૧ આવાસના નવા બાંધકામ માટે અથવા જૂનુ બાંધકામ ઉતારી નવા બાંધકામ માટે:**

| અ.નં. | હપ્તાની વિગત | લાભ સહાયની રકમ | | | હપ્તાની રકમ ફાળવવા માટે પુરો કરવાનો બાંધકામનો તબકકો (Stage) |
|---|---|---|---|---|---|
| | | કેન્દ્ર સહાય (રૂ.) | રાજ્ય સહાય (રૂ.) | કુલ સહાય (રૂ.) | |
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| ૧. | એડવાન્સ હપ્તો | - | 30,000 | 30,000 | ત્રિપક્ષિય કરાર કર્યેથી બાંધકામ શરૂ કરતા પહેલાં |
| ૨. | પ્રથમ હપ્તો | ૨૦,૦૦૦ | ૨૫,૦૦૦ | ૪૫,૦૦૦ | પ્લીન્થ લેવલ સુધીનું બાંધકામ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩. | બીજો હપ્તો | ૨૫,૦૦૦ | ૩૦,૦૦૦ | ૫૫,૦૦૦ | લિન્ટલ લેવલ સુધીનું બાંધકામ |
| ૪. | ત્રીજો હપ્તો | ૪૫,૦૦૦ | ૫૫,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | સ્લેબ લેવલ સુધીનું બાંધકામ |
| ૫. | ચોથો હપ્તો | ૩૦,૦૦૦ | ૪૦,૦૦૦ | ૭૦,૦૦૦ | ફીનીશીંગ લેવલ સુધીનું બાંધકામ |
| ૬. | છેલ્લો હપ્તો | ૩૦,૦૦૦ | ૨૦,૦૦૦ | ૫૦,૦૦૦ | ૧૦૦% બાંધકામ પૂર્ણ થયા પછી કન્સલ્ટન્ટ દ્વારા કમ્પલીશન સર્ટીફીકેટ રજુ થયેથી |
| | કુલ | ૧,૫૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૩,૫૦,૦૦૦ | |

**૭.૨ આવાસમાં વધારો (વૃધ્ધિ) કરવા માટેના બાંધકામ માટે:**

| અ.નં. | હપ્તાની વિગત | લાભ સહાયની રકમ | | | હપ્તાની રકમ ફાળવવા માટે પુરો કરવાનો બાંધકામનો તબકકો (Stage) |
|---|---|---|---|---|---|
| | | કેન્દ્ર સહાય (રૂ.) | રાજ્ય સહાય (રૂ.) | કુલ સહાય (રૂ.) | |
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| ૧. | એડવાન્સ હપ્તો | - | રાજય હપ્તાની ૧/૬ સહાય | રાજય સહાય | ત્રિપક્ષિય કરાર કર્યેથી બાંધકામ શરૂ કરતા પહેલાં |
| ૨. | પ્રથમ હપ્તો | ૨૦,૦૦૦ | રાજય હપ્તાની ૧/૬ સહાય | ૨૦,૦૦૦ + રાજય સહાય | ૨૦% બાંધકામ પૂર્ણ થયેથી |
| ૩. | બીજો હપ્તો | ૨૫,૦૦૦ | રાજય હપ્તાની ૧/૬ સહાય | ૨૪,૦૦૦ + રાજય સહાય | ૪૦% બાંધકામ પૂર્ણ થયેથી |
| ૪. | ત્રીજો હપ્તો | ૪૫,૦૦૦ | રાજય હપ્તાની ૧/૬ સહાય | ૪૫,૦૦૦ + રાજય સહાય | ૬૦% બાંધકામ પૂર્ણ થયેથી |
| ૫. | ચોથો હપ્તો | ૩૦,૦૦૦ | રાજય હપ્તાની ૧/૬ સહાય | ૩૦,૦૦૦ + રાજય સહાય | ૮૦% બાંધકામ પૂર્ણ થયેથી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬. | છેલ્લો હપ્તો | ૩૦,૦૦૦ | રાજય હપ્તાની ૧/૬ સહાય | - | ૧૦૦% બાંધકામ પૂર્ણ થયા પછી કન્સલ્ટન્ટ દ્વારા કંપલીશન સર્ટીફીકેટ (CC) રજૂ થયેથી |

૮. અન્ય બાબતો:

૮.૧ તબક્કાવાર થયેલ કામગીરી માટે કરવામાં આવેલ ચુકવણાના વપરાશ પ્રમાણપત્ર (Utilization Certificate) અમલીકરણ સંસ્થા દ્વારા એફોર્ડેબલ હાઉસીંગ મિશનને મોકલવાના રહેશે.

૮.૨ અમલીકરણ સંસ્થા દ્વારા થયેલ નવું અથવા વધારાનું બાંધકામ પૂર્ણ થયેથી તે અંગેની નોંધ કુટુંબ મહિલા સભ્યના નામે અથવા પતિ પત્નીના સંયુકત નામે પ્રોપર્ટી ઉતારામાં કરી, અમલીકરણ કરનાર સંસ્થાએ કમ્પ્લીશન સર્ટીફિકેટ (C.C) આપવાનું રહેશે.

૮.3 જે કિસ્સામાં લાભાર્થીની પત્ની હયાત ન હોય કે લગ્ન કરેલ ન હોય તેવા કિસ્સામાં લાભાર્થીના માતાનું નામ પ્રોપર્ટી ઉતારામાં સામેલ કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અ.મુ.સ.શ્રી (નાણાં), નાણાં વિભાગની તારીખ ૦૩/૦૪/૨૦૧૭ તથા સરકારશ્રીની તારીખ ૦૬/૦૪/૨૦૧૭ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે.

(આર.એ.પ્રજાપતિ)
સેકશન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ
વિભાગ

પ્રતિ:

- નામદાર. રાજ્યપાલશ્રી નાં અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (શહેરી ગૃહ નિર્માણ) ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મં.ત્રીશ્રી (શહેરી ગૃહ નિર્માણ) નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ (તમામં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (હાઉસીંગ) ,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- હાઉસીંગ કમિશ્નરશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદ.
- પ્રોજેક્ટ સ્પેશ્યાલીસ્ટશ્રી, એફોર્ડેબલ હાઉસીંગ મિશન, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આદિજાતી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકાઓ (સર્વે).
- કલેકટરશ્રીઓ, ડીસ્ટ્રીકટ અર્બન ડેવલપમેન્ટ એજન્સી (સર્વે)
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રીઓ, શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસીપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર
- નિયામકશ્રી, રાજ્ય અગ્નિ શમન સેવા, ગાંધીનગર
- સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજર, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર, આ પરિપત્ર વિભાગની વેબસાઇટ ઉપર ઓનલાઇન મુકવાની વિનંતી સહ.
- સીલેકટ ફાઇલ

પત્રક-અ

## સોંગદનામું

આથી હું સહી કરનાર શ્રી/શ્રીમતી/કુમારી ........................................................ ઉંમર આશરે .......... વ્યવસાય ...................................... રહેવાસી ............................... ........................................................................................ તાલુકો/જિલ્લો ...............................

આથી આ સોગંદનામા દ્વારા નીચે પ્રમાણે અંતઃકરણપૂર્વક અને પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે,

1) મારી તથા મારા કુટુંબની બધા સાધનોમાંથી કુલ વાર્ષિક આવક રૂ. ...............................છે.
2) મારા કે મારા પરિવારના સભ્ય ભારતભરમાં કોઇપણ જગ્યાએ પાકુ મકાન ધરાવતા નથી.
3) લાભાર્થીની આગેવાનીમાં વ્યક્તિગત ઘર બાંધકામ/વૃધ્ધિ ઘટક હેઠળ મળનાર સરકારી સહાય અને તેની શરતોની મને પુરેપુરી સમજણ આપવામાં આવેલ છે અને તે શરતો સંપૂર્ણપણે મને બંધનકર્તા રહેશે.
4) આવાસ બાંધકામની કામગીરી માટે સરકારશ્રીની મળવાપાત્ર સહાયની રકમ ઉપરાંત જે રકમ જોડવાની થશે તો તે રકમ ઉમેરીને આવાસ બાંધકામની કામગીરી પૂર્ણ કરવા હું ખાત્રી સાથે બાંહેધરી આપું છું.
5) આવાસ બાંધકામની કામગીરી મારા દ્વારા ૯ માસની અંદર સંપૂર્ણપણે પૂર્ણ કરવાની ખાત્રી સાથે બાંહેધરી આપું છું.

ઉપર જણાવેલ હકીકત મારી જાણ અને માન્યતા પ્રમાણે ખરી અને સાચી છે. અમારી રાજીખુશીથી, મરજીથી, કોઇની કોઇપણ જાતની ધાક ધમકી વગર અમોએ આ સોંગદનામું કરેલ છે.

ખોટુ સોંગદનામું કરવુ એ કાયદેસર ગુનો બને છે તે હુ જાણું છું અને સમજુ પણ છું જે વાંચીને મેં આ સોંગદનામું કરેલ છે.

સ્થળ : ....................

તારીખ : ..................                                        સોંગદનામું કરનારની સહી

ઓળખાણ આપનારની સહી

# પ્રધાનમંત્રી આવાસ યોજના

**પત્રક-બ**

## લાભાર્થીની આગેવાનીમાં વ્યક્તિગત ઘર બાંધકામ/વૃધ્ધિ માટેનું ફોર્મ

| ____________ નગરપાલિકા | ____________ જીલ્લો |
|---|---|

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | વિસ્તારનું નામ :<br>વોર્ડ નંબર: | |
| ૨ | અરજદાર નું નામ : | |
| | ઉંમર : | અરજદારનો ફોટો |
| ૩ | જાતિ : ૦૧. પુરૂષ ☐ ૦૨. સ્ત્રી ☐ ૦૩. અન્ય ☐ | |
| ૪ | અરજદારના પિતા/પતિનું નામ : | |
| ૫ | વૈવાહિક સ્થિતિ :<br>(૦૧-પરિણીત, ૦૨-અપરિણીત, ૦૩- અપરિણીત સ્ત્રી / વિધવા) | |
| ૬ | વ્યક્તિ દિવ્યાંગ છે કે કેમ! (હા/ના) : | |
| ૭ | વ્યવસાયની વિગતો :<br>૦૧- સ્વ રોજગાર, ૦૨- નોકરીયાત, ૦૩- નિયમિત વેતન, ૦૪- મજુરી, ૦૫-અન્ય | |
| ૮ | ધર્મ :<br>૦૧-હિન્દુ, ૦૨-મુસ્લીમ, ૦૩- ખ્રિસ્તી, ૦૪-શીખ, ૦૫-જૈન, ૦૬-બૌધધર્મ, ૦૭- પારસી, ૦૮-અન્ય (સ્પષ્ટતા કરવી) | |
| ૯ | જ્ઞાતિ :<br>૦૧- સામાન્ય, ૦૨-અનુ.જાતી (SC), ૦૩-અનુ.જન જાતી (ST), ૦૪- અન્ય પછાત વર્ગ (OBC) | |
| ૧૦ | હાલનું સરનામું : | |
| ૧૧ | મોબાઇલ નં. : | |
| ૧૨ | અરજદારનો આધાર કાર્ડ નંબર (ફરજીયાત): | |
| ૧૩ | ચુંટણી કાર્ડ નંબર : | |
| ૧૪ | રાશન કાર્ડ નંબર : | |
| ૧૫ | અરજદારની કુલ વાર્ષિક આવક : | |
| ૧૬ | કુટુંબની કુલ વાર્ષિક આવક : | |
| ૧૭ | અરજદાર કેટલા વર્ષોથી આ શહેર/નગરમાં વસવાટ કરે છે?:<br>(૦૧- છેલ્લાં એક વર્ષથી, ૦૨- એક થી ત્રણ વર્ષ, ૦૩- ત્રણ થી પાંચ વર્ષ, ૦૪-પાંચ વર્ષથી વધુ) | |
| ૧૮ | કુટુંબના કોઈપણ સભ્યના નામે ભારતભરમાં કોઈપણ જગ્યાએ પાકું મકાન ધરાવે છે કે કેમ! (હા/ના) : | |
| | | |

# પ્રધાનમંત્રી આવાસ યોજના

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯ | કુટુંબના સભ્યોની સંખ્યા ઉંમર સાથે | | | | |
| | નામ | કુટુંબના સભ્યનો અરજદાર સાથેનો સંબંધ | જાતિ | ઉંમર (વર્ષ) | આધાર કાર્ડ/ ચૂંટણી કાર્ડ/ અન્ય |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| ૨૦ | કુટુંબ બી.પી.એલ કાર્ડ ધરાવે છે કે કેમ (હા / ના) :<br>જો હા, તો બી.પી.એલ કાર્ડ નંબર: | | | | |
| ૨૧ | BLC ઘટક હેઠળ લાભ લેવા માટેની વિગતો : | | | | |
| | ☐ ૦૧. પોતાની માલિકીની જમીન પર ૩૦.૦૦ ચો.મી. સુધીનું નવું બાંધકામ | | | | |
| | ☐ ૦૨. હયાત આવાસના કાર્પેટ વિસ્તારમાં વધારો (૩૦.૦૦ ચો.મી. સુધી) | | | | |
| ૨૨ | (૦૧) લાભાર્થી પોતાની માલિકીની જમીન પર ૩૦.૦૦ ચો.મી. સુધીનું નવું બાંધકામ કરવા ઇચ્છુક હોય તો, નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવા : | | | | |
| | i. જમીનની માલીકીના પુરાવા<br>ii. લાભાર્થીના કુટુંબના સભ્યોની વાર્ષિક આવકનો જે તે રહેણાંક વિસ્તારના મામલતદારનો દાખલો<br>iii. લાભાર્થીના કુટુંબના કોઇપણ સભ્ય ભારતભરમાં પાકું મકાન ધરાવતા ન હોવા અંગેનું નોટરાઇઝડ સોગંદનામું<br>iv. આધાર કાર્ડની નકલ<br>v. મતદાન કાર્ડની નકલ<br>vi. બેંક ખાતાની પાસબુક/બેન્ક સ્ટેટમેન્ટ/ રદ ચેક ની નકલ | | | | |
| ૨૩ | (૦૨) લાભાર્થી રીપેરીંગ કામ માટે ઇચ્છુક હોય તો, | | | | |
| | ઘરનો પ્રકાર : કાચું ઘર ☐ અર્ધ પાકું ઘર ☐ પાકું ઘર ☐ | | | | |
| | રસોડા સિવાય મકાનના ઓરડાંઓની સંખ્યા : | | | | |
| | ઘરનો હયાત કાર્પેટ એરીયા : | | | | |
| | હયાત ઘરમાં કયાં પ્રકારનો વધારો કરવા માંગે છે? (એક રૂમ/રસોડું/બાથરૂમ/સંડાસ અથવા આ પૈકીનું કોઇપણ જોડાણ)<br>નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવા : | | | | |
| | i. જમીનની માલીકીના પુરાવા<br>ii. લાભાર્થીના કુટુંબના સભ્યોની વાર્ષિક આવકનો જે તે રહેણાંક વિસ્તારના મામલતદારનો દાખલો<br>iii. લાભાર્થીના કુટુંબના કોઇપણ સભ્ય ભારતભરમાં પાકું મકાન ધરાવતા ન હોવા અંગેનું નોટરાઇઝડ સોગંદનામું<br>iv. આધાર કાર્ડની નકલ<br>v. મતદાન કાર્ડની નકલ<br>vi. બેંક ખાતાની પાસબુક/બેન્ક સ્ટેટમેન્ટ/ રદ ચેક ની નકલ | | | | |

# પ્રધાનમંત્રી આવાસ યોજના

| | |
|---|---|
| ૨૪ | અરજદારના બેંક ખાતાની વિગતો |
| | ખાતા નંબર : |
| | બેંકનું નામ તથા શાખા : |
| | બેંકનો IFSC કોડ : |

## બાંહેધરી

ઉપરોકત ફોર્મમાં દર્શાવેલ તમામ વિગતો મેં પૂરેપૂરી વાંચી, સમજી, વિચારીને ભરાવેલ છે. આ ઘટક હેઠળ મળનાર સરકારી સહાય અને તેની શરતોની મને પૂરેપૂરી સમજણ આપવામાં આવેલ છે અને તે શરતો સંપૂર્ણપણે મને બંધનકર્તા રહેશે. વધુમાં આવાસની બાંધકામ માટેની કામગીરી માટે સરકારશ્રીની મળવાપાત્ર સહાયની રકમ ઉપરાંત જે રકમ જોડવાની થશે તો તે રકમ ઉમેરીને આવાસ બાંધકામની કામગીરી પૂર્ણ કરવા હું ખાત્રી સાથે બાંહેધરી આપું છું.

આવાસ બાંધકામની કામગીરી ૯ માસની અંદર પૂર્ણ કરવાની છે તે બાબતની મને જાણ કરવામાં આવેલ છે અને બાંધકામ કામાગીરી સંપૂર્ણપણે ૯ માસની અંદર પૂર્ણ કરવા હું ખાત્રી સાથે બાંહેધરી આપું છું.

લાભાર્થીની સહી/અંગુઠાનું નિશાન

**કન્સલટન્ટ ના પ્રતિનિધિનું નામ :** **સહી :**

### કચેરીના ઉપયોગ માટે

- ડીમાન્ડ સર્વે મુજબ યાદી ક્રમ નં. :
- ઘરનો ટીન નંબર SECC ૨૦૧૧ મુજબ :
- અરજદાર દ્વારા રજુ કરેલ દસ્તાવેજ:

☐ જમીનની માલીકીના પુરાવા

☐ લાભાર્થીના કુટુંબના સભ્યોની વાર્ષિક આવકનો જે તે રહેણાંક વિસ્તારના મામલતદારનો દાખલો

☐ લાભાર્થીના કુટુંબના કોઇપણ સભ્ય ભારતભરમાં પાકું મકાન ધરાવતા ન હોવા અંગેનું નોટરાઇઝડ સોગંદનામું

☐ આધાર કાર્ડની નકલ

☐ મતદાન કાર્ડની નકલ

☐ બેંક ખાતાની પાસબુક/બેન્ક સ્ટેટમેન્ટ/ રદ ચેક ની નકલ

**નોંધ:**

**નગરપાલિકાના પ્રતિનિધિનું નામ :** **સહી :**